# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-02-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધી પંચાલ** વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં 47 સ્થળોએ વિડિયો માધ્યમથી રોજગાર મેળામાં એક લાખથી વધુ યુવાનોને નિમણુંકપત્રો આપ્યા.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, આગામી 2047 સુધીમાં ભારત વિશ્વમાં મોખરાનું સ્થાન મેળવશે.
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 19મી સદીમાં દેશને સામાજીક ન્યાય અને આધુનિકતાનો માર્ગ દર્શાવ્યો હતો.
- દેશની ડિજીટલ આર્થિક વ્યવહારો માટેની યુપીઆઇ સેવાનો શ્રીલંકા અને મોરેશિયસમાં આજથી આરંભ થયો..
- ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ગંગા નદીમાં પશ્ચિમ બંગાળના માઇઆ બંદર જ્યારે બાંગ્લાદેશના સુલતાનગંજ બંદર દ્વારા જળમાર્ગે વેપારનો આજથી આરંભ થયો છે.
- બિહારમાં નીતિશ કુમાર સરકારે આજે રાજ્ય વિધાનસભામાં વિશ્વાસનો મત જીતી લીધો છે.

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ROJGAR-MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, તેમની સરકારે ભરતીની પ્રક્રિયા પારદર્શક બનાવી છે. તેમની સરકાર ભરતીની પ્રક્રિયા નિર્ધારિત સમયમાં પૂરી કરવાની નેમ ધરાવે છે જેથી દરેકને પોતાનું કૌશલ્ય દર્શાવવાની સમાન તક મળી રહે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં 47 સ્થળોએ આજે યોજાયેલા રોજગાર મેળામાં કેન્દ્ર સરકારના વિભાગોમાં પસંદગી પામેલા એક લાખથી વધુ યુવાનોને નિમણુંકપત્રો વિડીયો કોન્ફરન્સ દ્વારા આપતા પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યુ હતું.

તેમણે કહ્યું કે, છેલ્લા 10 વર્ષમાં તેમની સરકાર યુવાનોને દેશની વિકાસપ્રક્રિયામાં જોડવા પ્રયાસ કરી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે, ભારત હવે ત્રીજા ક્રમની સ્ટાર્ટઅપ વ્યવસ્થા ધરાવે છે. દેશમાં આશરે સવા લાખ જેટલા સ્ટાર્ટઅપ કાર્યરત છે. અને યુવાનોને તે નવી તકો આપી રહ્યા છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, વિકસિત ભારતની પ્રક્રિયામાં દરેક સરકારી અધિકારીએ મહત્વની ભૂમિકા ભજવવાની છે અને આજથી સરકારમાં જોડાઇ રહેલા નવા યુવાનો આ પ્રક્રિયાને વધુ ઝડપી બનાવશે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ નવી દીલ્હી ખાતેના સંકલિત કર્મયોગી ભવન સંકુલના પહેલા તબકકાનું ખાતમૂહુર્ત કર્યું હતું.

આજે રાજ્યમાં ગાંધીનગરના બીએસએફ સંકુલ ખાતે યોજાયેલા રોજગાર મેળામાં કેન્દ્રિય સંદેશાવ્યવહાર રાજ્યમંત્રી દેવુંસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

**REV. AMIT SHAH GUJARAT**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, આગામી 2047 સુધીમાં ભારત વિશ્વમાં મોખરાનું સ્થાન મેળવશે. આજે અમદાવાદમાં મહાનગરપાલિકાના 1 હજાર 900 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કરતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું. શ્રી શાહે કહ્યું કે, ભારતને વિકસિત દેશ બનાવવાનો નિર્ધાર કેન્દ્રની એનડીએ સરકારે કર્યો છે અને આ હેતુથી તે સતત પ્રયાસ  કરી રહી છે.

ગૃહમંત્રીએ રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સહિત દેશના ઘણા પડતર મુદ્દાઓનો ઉકેલ લાવવાનો શ્રેય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આપ્યો હતો. શ્રી મોદીએ સર્વગ્રાહી વિકાસનો આદર્શ વિશ્વ સમક્ષ પ્રસ્તુત કર્યો હોવાનું તેમણે કહ્યું હતું.

અમારા અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે, કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદ મહાનગરપાલિકાના ગૃહ, આરોગ્ય કેન્દ્ર અને માળખાકીય સુવિધાઓના વિવિધ વિકાસકામોનું આજે લોકાર્પણ અને ખાતમુર્હુત કર્યા છે.

ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદ નજીક છારોડી ખાતે ગાંધીનગર પ્રીમીયર લીગ સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો છે.

# PRESIDENT-SVNIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે મોરબી જીલ્લાના ટંકારા ખાતે આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીની 200મી જન્મજયંતિની ઉજવણી કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે જણાવ્યું છે કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 19મી સદીમાં દેશને સામાજીક ન્યાય અને આધુનિકતાનો માર્ગ દર્શાવ્યો હતો. તેમણે શિક્ષણ અને મહિલાઓના સશક્તિકરણ માટે કરેલા

પ્રયાસોના પરિણામે મહિલાઓ આજે ઝડપથી વિકાસના પંથે આગળ વધી શકી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે 19મી સદીમાં સાંસ્કૃતિક અને સામાજીક પુનરોત્થાનનો શ્રેય મહર્ષિ દયાનંદ સરસ્વતીને આપ્યો હતો. સમાજના વંચિતો અને મહિલાઓના અધિકાર માટે સમગ્ર દેશમાં સુધારાનો પ્રયાસ તેમણે કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીએ વેદોના પ્રેરણાદાયી વિચારોને લોકો સુધી પહોંચાડીને ભારતીય સંસ્કૃતિને નવું બળ આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

સુરતમાં સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના 20મા દીક્ષાંત સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા અને વિકસિત ભારતના વિઝનને હાંસલ કરવામાં મદદરૂપ થવા જણાવ્યું હતું.

મહિલા સશક્તિકરણમાં SVNITના યોગદાનની પ્રશંસા કરતાં રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, વર્ષ 2047 સુધીમાં વિકાસશીલ ભારતનું સ્વપ્ન સાકાર કરવામાં મહિલાઓની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

રાષ્ટ્રપતિએ આજના પદવીદાન સમારંભમાં 28 વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ જ્યારે લગભગ 1 હજાર 434 વિદ્યાર્થીઓને ડિગ્રી અપર્ણ કરી હતી. આવતીકાલે રાષ્ટ્રપતિ વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર આશ્રમની મુલાકાત લેશે.

## VP-ASSAM VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદિપ ધનખડ આસામની એક દિવસની મુલાકાતે આવતીકાલે જશે. ઉપરાષ્ટ્રપતિ આવતીકાલે યોજાનાર ખાસ સમારંભમાં રાજ્ય સરકાર દ્વારા અપાતાં આસામ વૈભવ, આસામ સૌરવ અને આસામ ગૌરવ નાગરિક પુરસ્કારો વિજેતાઓને અર્પણ કરશે.

# PM-UPI

દેશની ડિજીટલ આર્થિક વ્યવહારો માટેની યુપીઆઇ સેવાનો શ્રીલંકા અને મોરેશિયસમાં આજથી આરંભ થયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે અને મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ જુગનાથે સાથે મળીને આ સેવાનો આરંભ કરાવ્યો. આ ઉપરાંત મોરેશિયસમાં રુ-પે કાર્ડ સુવિધાનો પણ આરંભ થયો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, હિન્દ મહાસાગરના ત્રણ મિત્ર દેશો માટે આજનો દિવસ ખાસ છે. ત્રણેય દેશોના ઐતિહાસિક સંબંધો આજે ડિજીટલ માધ્યમથી જોડાયા છે. આ સુવિધા લોકોના વિકાસ પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે. આ નાણાંકીય સુવિધાથી સરહદ પારના આર્થિક વ્યવહારોની સાથે સાથે સરહદ પારના સંપર્કો પણ મજબૂત બનશે.

યુપીઆઇ સુવિધા એ ભારતમાં ક્રાંતિકારી પરિવર્તન કર્યું છે અને હવે શ્રીલંકા અને મોરેશિયસને તેનો લાભ મળશે. શ્રી મોદીએ કહ્યું કે, ભારતની સાગર સંકલ્પનામાં હિન્દ મહાસાગર વિસ્તારના બધા દેશોમાં શાંતિ અને સલામતી સાથે બધાનો વિકાસ કેન્દ્રમાં છે.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેએ શ્રીલંકા અને દક્ષિણ ભારત વચ્ચે વર્ષોથી થઇ રહેલા વેપારનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, આજથી શરૂ થયેલી સેવાએ આ સંબંધોને ટેક્નોલોજીની મદદથી વધુ ઉપરના સ્તરે લઇ જવામાં મદદ કરી છે.

મોરેશિયસના પ્રધાનમંત્રી જુગનાથે ભારત અને મોરેશિયસ વચ્ચેના વેપાર ક્ષેત્રના સંબંધોની પ્રશંસા કરી હતી. શ્રી જુગનાથે રુ-પે કાર્ડને મોરેશિયસમાં ડોમેસ્ટીક કાર્ડનો દરજ્જો આપવાની જાહેરાત કરી હતી.

## MEA PM-UAE-Qatar

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી યુનાઈટેડ આરબ અમીરાત-યુએઇની બે દિવસીય મુલાકાતે જશે. મુલાકાત દરમિયાન, શ્રી મોદી UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. બંને નેતાઓ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ, વિસ્તૃત અને મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરશે. છેલ્લા આઠ મહિનામાં શ્રી મોદી અને UAEના રાષ્ટ્રપતિ વચ્ચેની આ પાંચમી મુલાકાત હશે.

પ્રધાનમંત્રી દુબઈમાં આયોજિત વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ 2024માં ભાગ લેશે અને સ્વામિનારાયણ સંપ્રદાયના BAPS મંદિરનું ઉદ્ઘાટન કરશે.

UAEની મુલાકાત પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે બપોરે કતારના દોહાની મુલાકાત લેશે. મુલાકાત દરમિયાન તેઓ કતારના અમીર શેખ તમીમ બિન હમાદ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

## INDIA-BANGLADESH

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ગંગા નદીમાં પશ્ચિમ બંગાળના માઇઆ બંદર જ્યારે બાંગ્લાદેશના સુલતાનગંજ બંદર દ્વારા જળમાર્ગે વેપારનો આજથી આરંભ થયો છે. કેન્દ્રીય જળમાર્ગ રાજ્યમંત્રી શાંતનુ ઠાકુરે બંગાળના માઇઆ બંદરેથી બાંગ્લાદેશ જતાં પહેલા માલવાહક જહાજને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યું હતું. બાંગ્લાદેશના સુલતાનગંજ બંદર ખાતે બાંગ્લાદેશના વહાણવટા મંત્રી ખાલિદ મહમુદ

ચૌધરી અને બાંગ્લાદેશ ખાતેના ભારતીય હાઇકમિશ્નર પ્રણય વર્માએ બાંગ્લાદેશથી ભારત તરફના જળમાર્ગે વેપારનું ઉદઘાટન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આંતરિક જળમાર્ગો દ્વારા 200થી 300 ટન ચીજવસ્તુઓનું એક માલવાહક જહાજ દ્વારા વહન કરવામાં આવે છે. આના લીધે જમીન માર્ગ પરથી માલસામાનની હેરફેરનું પ્રમાણ ઘટવામાં મદદ મળી છે.

## EVE BIHAR TRUST VOTE

બિહારમાં નીતિશ કુમાર સરકારે આજે રાજ્ય વિધાનસભામાં વિશ્વાસનો મત જીતી લીધો છે. 243 સભ્યોના ગૃહમાં 129 સભ્યોએ પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું. વિપક્ષ આરજેડી, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ મતદાન પ્રક્રિયાનો બહિષ્કાર કર્યો હતો. વિરોધ પક્ષોની ગેરહાજરી વચ્ચે, નીતિશ સરકારની તરફેણમાં દરખાસ્તને બહાલી અપાઇ હતી. નાયબ અધ્યક્ષ મહેશ્વર હઝારીએ ગૃહની કાર્યવાહીનું સંચાલન કર્યું હતું.